**ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર**

**રૂમ નં-૧૧૩, પહેલોમાળ ટેક્ષ કલેકશન વિભાગ, સર મંગળસિંહજી રોડ, કાળાનાળાની બાજૂમાં, ભાવનગર-૩૬૪૦૦૧.**

taxdept.bmcbmc@gmail.com


ટેક્ષ કલેકશન જા. નં. ૬૩૫૪
તા. 27/11/24

: : અખબારી યાદી : :-

આથી ભાવનગર શહેર વિસ્તારમાં આવેલ તમામ દુકાનો અને સંસ્થાઓના માલિકો/વહીવટકર્તાઓને જાણ કરવામાં આવે છે કે, ધી ગુજરાત શોપ્સ અને એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ-૧૯૪૮ રદ થયેલ હોય આ અધિનિયમ હેઠળ ભાવનગર મહાનગરપાલિકા ખાતે નોધાયેલ તમામ પ્રમાણપત્રો રદ થયેલ છે.

હાલમાં ગુજરાત શોપ્સ અને એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ-૨૦૧૯ અમલમાં છે. આ નવા અધિનિયમની જોગવાઈઓ મુજબ ૧૦ થી ઓછા કામદારોને નોકરીએ રાખનાર દુકાનો અને સંસ્થાના માલિકોએ તેઓની દુકાન/સંસ્થાની ઈન્ટીમેશન(જાણ) કરી રીસીપ્ટ મેળવી લેવી તેમજ ૧૦ કે તેથી વધુ કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓ તેમજ હોટલ રેસ્ટોરન્ટ , થીયેટર સિનેમાના માલિકોએ તેઓની દુકાન/સંસ્થાનીનિયત ફી ભરી નોંધણી પ્રમાણપત્ર મેળવી લેવું ફરજીયાત છે.

આથી ભાવનગર શહેર વિસ્તારમાં આવેલ દુકાનો અને સંસ્થાઓના માલિકો કે જેમણે શોપ્સ & એસ્ટા. એક્ટ-૨૦૧૯ હેઠળ તેઓની દુકાન/સંસ્થા તેમજ હોટલ રેસ્ટોરન્ટ , થીયેટર સિનેમાના માલિકે ઈન્ટીમેશન(જાણ) રીસીપ્ટ કે નોધણી પ્રમાણપત્ર હજુ સુધી મેળવેલ ન હોય તેઓએ www.enagar.gujarat.gov.in (ઈ-નગર) વેબપોર્ટલ પર ઓનલાઈન અરજી કરી નોંધણી પ્રમાણપત્ર / ઈન્ટીમેશન રીસીપ્ટ મેળવી લેવા મહાનગરપાલિકા દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

" નોંધ પર મળેલ માન. કમિ. શ્રી ની મંજુરી O/C અનુસાર"

ટેક્સ કલેકશન સુપ્રિટેન્ડન્ટ 27/11/24
ટેક્સ કલેક્શન વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર
27/11/2024

---

પ્રતિ,
તંત્રીશ્રી,

.................................................

ઉપરોક્ત પ્રેસનોટ આપના સુપ્રસિધ્ધ (ત્રણ) અખબારમાં લોકહિતાર્થે વિનામુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

પબ્લીક રીલેશન ઓફિસર
પી.આર.ઓ શ્રીની કચેરી
મહાનગરપાલિકા ભાવનગર